1. પુરવઠાને અસર કરતાં પરિબળોની વિગતે ચર્ચા કરો.

- પુરવઠાને અસર કરતાં પરિબળો મુખ્ય બે વિભાગોમાં વહેંચવામાં આવે છે : 1. વસ્તુની કિંમત અને 2, વસ્તુની કિંમત સિવાયનાં પરિબળો.
- 1. વસ્તુની કિંમત : વસ્તુની કિંમત એ પુરવઠાને અસર કરતું મહત્ત્વનું નિર્ણાયક પરિબળ છે. જો વસ્તુની કિંમત વધે, તો ઉત્પાદક વધુ પુરવઠો વેચવા તૈયાર થાય છે અને જો વસ્તુની કિંમત ઘટે, તો ઉત્પાદક આછો પુરવઠો વેચવા તૈયાર થાય છે.આમ, કિંમત અને પુરવઠા વચ્ચે સીધો સંબંધ છે.
- 2. વસ્તુની કિંમત સિવાયનાં પરિબળો :

  (i) ઉત્પાદનનાં સાધનોની કિંમત : ઉત્પાદનનાં સાધનોની કિંમત ઘટે તો ઉત્પાદનખર્ચ ઘટે છે અને ઉત્પાદકના નફાનું પ્રમાણ વધે છે. તેથી ઉત્પાદક વસ્તુનો પુરવઠો વધારે છે. એનાથી ઊલટું ઉત્પાદનનાં સાધનોની કિંમત વધે તો ઉત્પાદનખર્ચ વધે છે અને ઉત્પાદકના નફાનું પ્રમાણ ઘટે છે.
- તેથી ઉત્પાદક વસ્તુનો પુરવઠો ઘટાડે છે.આમ, ઉત્પાદનનાં સાધનો જમીનનું ભાડું, મૂડીનું વ્યાજ, શ્રમિકોને વેતન વગેરેને કારણે ઉત્પાદનખર્ચમાં થતી વધઘટ વસ્તુના પુરવઠા પર અસર કરે છે.

  (ii) ટેકનોલૉજીની કક્ષાઃ ટેકનોલોજીનો વિકાસ સમય, શક્તિની બચત સાથે ગુણવત્તાયુક્ત વસ્તુઓનું ઓછા ખર્ચે ઉત્પાદન શક્ય બનાવે છે. તેથી ઉત્પાદકને નફાની શક્યતા વધે છે. પરિણામે ઉત્પાદક વધુ પુરવઠો બજારમાં વેચવા માટે મૂકે છે.આમ, ઉત્પાદનની આધુનિક પદ્ધતિ અને અદ્યતન ટેકનોલૉજીનો ઉપયોગ વસ્તુના પુરવઠાને અસર કરે છે.

  (iii) અવેજી વસ્તુની કિંમત : કેટલીક વસ્તુઓ એકબીજા સાથે અવેજીના સંબંધથી જોડાયેલી હોય છે. વસ્તુનો ભાવ સ્થિર હોય પણ અવેજી વસ્તુનો ભાવ બદલાય, તો તેનો પુરવઠો બદલાય છે. જેમ કે, ચમાં અને લેન્સ એકબીજાની અવેજી વસ્તુઓ છે. જો ચમાંની કિંમત વધે, તો ચશ્માનું ઉત્પાદન વધે અને લેન્સનું ઉત્પાદન ઘટે છે. આમ, ચશ્માંની કિંમત વધતાં લેન્સના પુરવઠામાં ઘટાડો થાય છે. આમ, જે અવેજી વસ્તુના ઉત્પાદનમાં નફો મળવાની શક્યતા વધારે હોય તે વસ્તુનો પુરવઠો ઉત્પાદક વધારે છે.

  (iv) ભવિષ્યના ભાવોની અટકળો : ભવિષ્યમાં વસ્તુના ભાવ વધવાની શક્યતા હોય, તો ઉત્પાદકો કે વેપારીઓ વસ્તુ વેચવાને બદલે તેનો સંગ્રહ કરશે. પરિણામે વર્તમાનમાં તે વસ્તુનો પુરવઠો બજારમાં ઓછો આવે. એનાથી ઊલટું ભવિષ્યમાં વસ્તુના ભાવ વધુ ઘટવાની શક્યતા હોય, તો વર્તમાનમાં તે વસ્તુની ઊંચી કિંમત લઈ વધુ નફો કમાવવા ઉત્પાદકો તે વસ્તુનો વધુ પુરવઠો બજારમાં મૂકે છે. આમ, ભવિષ્યમાં વસ્તુના ભાવોની અટકળો વસ્તુના પુરવઠાને અસર કરે છે.

  (V) અન્ય પરિબળો : સરકારની નીતિ ઉત્પાદનકાર્ય વેગીલું બનાવવાની હોય, તો વસ્તુઓનો પુરવઠો વધે છે. દા. ત., સરકાર ઉદ્યોગોને ઓછા દરે ધિરાણ, કાચો માલ, વીજળી, પાણી, ઓછા વેરા વગેરેની સગવડો આપે, તો દેશમાં ઔદ્યોગિક વસ્તુઓનો પુરવઠો વધે છે. આથી ઊલટું જો સરકાર ભારે કરવેરા નાખે, તો ઉત્પાદન ઘટશે અને વસ્તુઓનો પુરવઠો ઘટી જશે.વાહનવ્યવહારની સગવડો વધતાં ઉત્પાદિત માલની હેરફેર ઝડપી, સરળ અને ઓછી ખર્ચાળ બને છે.
- પરિણામે ઉત્પાદનખર્ચ ઘટતાં વસ્તુઓના પુરવઠામાં વધારો થાય છે.બૅક્િંગ સેવાઓ વિકસે તો ઉત્પાદકોને જરૂરી મૂડી સહેલાઈથી મળી શકે છે. તેથી વસ્તુઓનું ઉત્પાદન વધતાં તેનો પુરવઠો પણ વધે છે.વસ્તુનું ઉત્પાદન કરતી પેઢીઓની સંખ્યામાં વધારો થતાં વસ્તુનો પુરવઠો વધે છે અને પેઢીઓની સંખ્યામાં ઘટાડો થતાં વસ્તુનો પુરવઠો ઘટે

છે. આમ, પેઢીઓની સંખ્યા બજારપુરવઠા પર નિર્ણાયક અસર કરે છે. દેશમાં રાજકીય સ્થિરતા હોય, ઓદ્યોગિક શાંતિ પ્રવર્તતી હોય,માલિકો અને કામદારો વચ્ચે સુમેળભર્યા સંબંધો રહે, તો વસ્તુનો પુરવઠો વધે છે. આનાથી વિરુદ્ધ વસ્તુનો પુરવઠો ઘટે છે. આમ, કિંમત સિવાયનાં અન્ય પરિબળો વસ્તુના બારપુરવઠાનાં નિર્ણાયક પરિબળો છે.

## 2. પુરવઠાનો નિયમ લખી, પુરવઠાના નિયમની ધારણાઓ ટૂંકમાં સમજાવો.

- પુરવઠાનો નિયમ : પ્રો. માર્શલના મતે, "અન્ય પરિબળો યથાવત્ રહે ત્યારે વસ્તુની કિંમતમાં વધારો થતાં વસ્તુનો પુરવઠો વિસ્તરે છે અને વસ્તુની કિંમતમાં ઘટાડો થતાં વસ્તુનો પુરવઠો સંકોચાય છે." આમ, વસ્તુની કિંમત અને તેના પુરવઠા વચ્ચે સીધો સંબંધ જોવા મળે છે. પુરવઠાના નિયમની ધારણાઓ :
- 1. ઉત્પાદનનાં સાધનોની કિંમત સ્થિર રહે છે : ઉત્પાદનનાં સાધનોની કિંમત ઘટે, તો ઉત્પાદનખર્ચ ઘટે છે અને ઉત્પાદક વસ્તુની કિંમત ઘટાડી વસ્તુનો વધારે પુરવઠો બજારમાં મૂકે છે. ઉત્પાદનનાં સાધનોની કિંમત વધે, તો ઉત્પાદનખર્ચ વધે છે.ઉત્પાદકો માટે હરીફાઈમાં ટકી રહેવા વસ્તુની કિંમત વધારવાનું શક્ય ન હોય, તો નુકસાન થવાના ભયથી અમુક ઉત્પાદકો ઉત્પાદન સ્થગિત કરી દે છે. પરિણામે વના બજારપુરવઠામાં ઘટાડો થાય છે. આમ, ઉત્પાદનનાં સાધનોની કિંમતોમાં વધપટ થતી હોય, તો પુરવઠાનો નિયમ અસરકારક રહી શકે નહીં.
- 2. ઉત્પાદન-પદ્ધતિમાં ફેરફાર થતો નથી : નવાં સંશોધનો અને ઉત્પાદનની નવી ટેકનોલોજી (ઉત્પાદન ખર્ચમાં થતા ફેરફાર માટે જવાબદાર છે. જેમ કે, હાથસાળનાં સાધનોને બદલે નવાં અદ્યતન યંત્રોનો ઉપયોગ કરી કાપડનું વધુ ઉત્પાદન કરી વધુ નફો મેળવી શકાય. પરિણાર્થે ઉત્પાદન વધારી પુરવઠો પણ વધારી શકાય. આમ, ઉત્પાદન-પદ્ધતિ ટેકનોલૉજી બદલાય, તો પુરવઠાનો નિયમ જળવાતી નથી.
- 3. અન્ય વસ્તુના ભાવો સ્થિર રહે છે : અન્ય અવેજી વસ્તુની કિંમત સ્થિર રહે, તો જ પુરવઠાનો નિયમ જળવાય છે. જેમ કે, જુવાર અને બાજરી અવેજી વસ્તુઓ છે, જુવારના ભાવ વધવાથી ખેડૂતો બાજરીને બદલે જુવારની વધુ ખેતી કરવાનું પસંદ કરશે. પરિણામે જુવારનો પુરવઠો વધશે અને બાજરીનો પુરવઠો ઘટશે.
- 4. બજારમાં વસ્તુની ભવિષ્યની કિંમત અંગેની અટકળો હોતી નથી : વસ્તુની કિંમત ઘટી હોય છતાં ભવિષ્યમાં એનાથીયે વધુ ઘટવાની અટકળ હોય, તો વેચનારાઓ ઊંચી કિંમતનો લાભ લેવા પુરવઠો વધારે છે.વસ્તુની કિંમત વધી હોય છતાં ભવિષ્યમાં એનાથીયે વધુ વધવાની અટકળ હોય, તો વેચનારાઓ વસ્તુ વેચવાને બદલે તેનો સંગ્રહ કરવાનું પસંદ કરે છે. પરિણામે વસ્તુનો પુરવઠો ઘટે છે. આમ, ભવિષ્યમાં વસ્તુની કિંમત વધવા કે ઘટવા વિશેની અટકળો હોય, તો પુરવઠાનો નિયમ અસરકારક રહેતો નથી.
- 5. અન્ય પરિબળો સ્થિર છે : વેપાર અંગે સરકારની નીતિ બદલાતી હોય, વાહનવ્યવહારની સુવિધામાં સુધારો થતો હોય, બૅન્કિંગ સેવાઓનો વિકાસ થાય, તો તેવા સંજોગોમાં વસ્તુની કિંમતમાં ફેરફાર ન થાય છતાં તેના પુરવઠામાં પરિવર્તનો જોવા મળે છે.
- બજારમાં પેઢીઓની સંખ્યામાં વધારો થાય તો સહજ રીતે બજારે-પુરવઠામાં વધારો થાય અને પેઢીઓની સંખ્યામાં ઘટાડો થાય તો બજારપુરવઠામાં ઘટાડો થાય. વસ્તુની કિંમતમાં ફેરફાર ન થાય તોપણ આવા સંજોગમાં વસ્તુના પુરવઠામાં ફેરફાર જોવા મળે છે. આમ, અન્ય પરિબળો બદલાતાં પુરવઠાનો નિયમ જળવાતો નથી.

3. તફાવત સમજાવો : જથ્થો અને પુરવઠો

| | જથ્થો | પુરવઠો |
|---|---|---|
| 1 | વર્તમાન કિંમતે ઉત્પાદનનો જેટલો ભાગ નહીં વેચવાની ઇચ્છા જથ્થો છે. | વર્તમાન કિંમતે ઉત્પાદનનો જેટલો ભાગ વેચવાની તૈયારી પુરવઠો છે. |
| 2 | જથ્થો જથ્થો કુલ ઉત્પાદન જેટલો કે તેનાથી ઓછો હોઈ શકે, પરંતુ કુલ ઉત્પાદનથી વધુ ન હોઈ શકે. | પુરવઠો કુલ ઉત્પાદનથી ઓછો , કુલ ઉત્પાદન જેટલો કે કુલ ઉત્પાદનથી વધારે (અગાઉનો જથ્થો વેચાય તો) પણ હોય શકે છે. |
| 3 | જથ્થો પુરવઠા જેટલો જ અથવા એનાથી વધારે હોઈ શકે, પણ શકે નહી. | પુરવઠો જથ્થો જેટલો હોઈ શકે, પરંતુ જથ્થા કરતાં વધુ હોઈ ઓછો હોઈ શકે નહી. |
| 4 | વસ્તુની કિંમત વધતાં જથ્થો ઘટે છે. | વસ્તુની કિંમત વધતાં પુરવઠો વધે છે. |